ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-01 તા:-04-10-2021

## રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી,નડાજીની વિશેષ ઉપસ્થિતિમાં અને યુવા મોરચાના અધ્યક્ષશ્રી તેજસ્વી સુર્યાની અધ્યક્ષતામાં આવતીકાલે ૫ ઓકટોબરના રોજ દિલ્હી ખાતે યુવા મોરચાની કારોબારી બેઠક મળશે.

----

## ગુજરાત યુવા મોરચાના અધ્યક્ષ ડો.પ્રશાંત કોરાટ દિલ્હી ખાતેની કારોબારી બેઠકમાં ઉપસ્થિત રહશે.

----

પ્રદેશ મીડિયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે આવતીકાલે ૫ ઓકટોબરના રોજ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી,નડાજીની વિશેષ ઉપસ્થિતિમાં અને યુવા મોરચાના અધ્યક્ષશ્રી તેજસ્વી સુર્યાની અધ્યક્ષતામાં દિલ્હી રાષ્ટ્રીય કાર્યાલય ખાતે યુવા મોરચાની કારોબારી બેઠક યોજાશે. આ બેઠકમાં રાષ્ટ્રીય યુવા મોરચાની ટીમ, દરેક રાજ્યોના યુવા મોરચાના પ્રમુખ, મહામંત્રીશ્રીઓ, રાષ્ટ્રીય કારોબારી સભ્યો ઉપસ્થિત રહેશે.

ગુજરાત યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો.પ્રશાંત કોરાટ યુવા મોરચાની કારોબારીમાં કોરાના કાળામાં યુવા મોરચા એ કરેલા સેવાકીય કામો, રક્તદાન કેમ્પો અને રાષ્ટ્રીય સ્તરેથી આપેલા વિવિધ કાર્યક્રમો સફળતા રીતે પૂર્ણ કર્યા તેની વિસ્તુર્ત માહિતી આપશે. વિવિધ રાજ્યોમાં આગમી દિવસોમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીઓમાં યુવા મોરચાની ભૂમિકા વિશે કારોબારી બેઠકમાં આયોજન હાથ ધરાશે.

આ બેઠકમાં ગુજરાતમાંથી યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડો.પ્રશાંત કોરાટ, પ્રદેશ મહામંત્રીશ્રી ડો.નરેશ દેસાઈ, યુવા મોરચાના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રી રવિ દેસાઈ, શ્રી સુપ્રિત પટેલ ઉપસ્થિત રહેશે.



ડૉ.યજ્ઞેશ દવે
પ્રદેશ મિડિયા કન્વીનર